*Press Clipping*

**Publication :** Gujarat Samachar
**Date :** 28-12-2009
**Edition :** Ahmedabad
**Page :** 4 (Ahmedabad)

# યુવા ઉદ્યોગપતિઓને ધીરુભાઈ અંબાણીની પ્રેરણા : મુશ્કેલીઓમાં હાર ન સ્વીકારો

અમદાવાદ,રવિવાર

'જે લોકો સપનાં જોવાની હિમ્મત કરે છે તેઓ આંખું જગત જીતી શકે છે, માટે હિમ્મતભેર સપનાં જુઓ.' ધીરૂભાઈ અંબાણીએ તેમના અધિકારીઓને એક વાર આમ કહ્યું હતું. ધીરૂભાઈ અંબાણીએ જીવનભર હિમ્મતપૂર્વક સપનાં જોયાં અને સાકાર કર્યાં, તેથી જ તેઓ દેશના ભાવી અર્થતંત્રને નવેસરથી લખી શક્યા.

લોકોમાં ધીરૂભાઈ અંબાણી ખૂબ જ મહત્ત્વાકાંક્ષી હોવાની છાપ હતી. પરંતુ મુકેશભાઈ અંબાણીએ શ્રી એ.જી. કૃષ્ણમૂર્તિના 'ધીરૂભાઈઝમ' પુસ્તકની પ્રસ્તાવનામાં જ લખ્યું છે કે ''મારા પિતા ધીરૂભાઈ અંબાણીમાં મહત્ત્વાકાંક્ષાથી અધિક પ્રતિકૂળતાઓને પડકારવાની ગ્રંથિઓએ એટલી મદદ કરી કે જેને લીધે તેઓ ત્રણ દાયકાથી ઓછા સમયમાં એક શ્રેષ્ઠ ઉદ્યોગ-ગૃહ કંડારી શક્યા.''

ધીરૂભાઈ અંબાણીનો એક સાધારણ મધ્યમ વર્ગના પરિવારમાં ઉછેર તથા તેમની ગ્રામીણ પૃષ્ઠભૂમિને લીધે પ્રતિકૂળતાઓને પડકારવાનો અને તેમાંથી પાર ઉતારવાનો મૂળભૂત ગુણ વિકસ્યો હતો. જોકે તેઓ સતત માન-સન્માન, કીર્તિ અને કલદાર મેળવતા રહ્યા, તેમ છતાં તેઓ એકદમ વિશુદ્ધ ભારતીય રહ્યાં, એકદમ જમીનના માણસ.

તેઓ ભારત અને તેના યુવાનો માટે ખૂબ આશાવાદી હતા. તેઓ કહેતા : ''યુવા ઉદ્યમકારોને મારી સલાહ છે કે ક્યારેય મુશ્કેલીઓમાં હાર સ્વીકારવી નહિં, અને નકારાત્મક પરિબળોને આશા, આત્મ-વિશ્વાસ અને નિષ્ઠાથી પડકારવાં. હું માનું છું કે મહત્ત્વાકાંક્ષાથી અને શરૂઆત કરવાથી જીત મળે છે. નવા યુગાબ્દમાં યુવાન ઉદ્યોગપતિઓની સફળતા જ ભારતના ભવ્ય રૂપાંતરણની ચાવી બનશે.''

ધીરૂભાઈ અંબાણીની વ્યાપાર-ઉદ્યોગ સાહસિકતાનું એક જવલંત અને અનન્ય ઉદાહરણ છે. રિલાયન્સના મોબાઈલ જે સમયે દેશમાં માતબર મોબાઈલ ટેલીફોન કંપનીઓ ગ્રાહકો પાસેથી મિનિટ દીઠ રૂા. સાત કે આઠ કોલ ચાર્જીસ તરીકે વસૂલતી હતી અને ગણ્યા ગાંઠ્યા ખૂબ પૈસાદાર લોકો જ મોબાઈલ વસાવી શકતા હતા ત્યારે ધીરૂભાઈએ દેશના નાનામાં નાના માણસને વિચાર કર્યો. ને મોબાઈલ વસાવી શકે તતા ૪૦ પૈસા કે ૫૦ પૈસા જેવા પોસ્ટકાર્ડની કિંમતના ભાવે ફોન પર વાત કરી શકે તેવું સ્વપ્ન તેમણે જોયું.

ધીરૂભાઈના માર્ગદર્શન હેઠળ દેશભરમાં ૬૦,૦૦૦ કિ.મી.ના ઓએફસી બિછાવવાનું ભગીરથ કાર્ય મુકેશભાઈ અંબાણીએ જોત જોતામાં પૂરું કર્યું. રિલાયન્સના મોબાઈલ ટેલીફોન દ્વારા વાતચીત ઉપરાંત માહિતીના આદાન-પ્રદાન તથા જ્ઞાનનો મોટો ખજાનો લોકોના હાથમાં ફરતો થઈ ગયો. 'કર લો દુનિયા મુટ્ઠી મેં'ના નાદ"સાથે, જી.એસ.એમ. કંપનીઓના જબર્દસ્ત વિરોધ અને વ્યાવસાયિક પડકારો ઝીલીને માત્ર રૂા. ૫૦૦માં મોબાઈલ હેન્ડસેટ ચાર્જ સાથે બજારમાં મૂકીને ધીરૂભાઈના એક મહાન અને આદર્શ સ્વપ્નને મુકેશભાઈએ મક્કમતાથી મૂર્તિમંત કર્યું.

- પરિમલ નથવાણી